# -:: જય વારાહી માતા ::-

ભારતીય સાંખ્યમત અને પાશ્ચાત્ય લામાર્ક ડાર્વિનની દ્રષ્ટિએ જગત ઉત્ક્રાંત છે. ઉત્ક્રાંતિવાદ પ્રમાણે સૃષ્ટિ પર પ્રથમ જળચર પ્રાણી થયા. ત્યાર પછી જલસ્થળવાસી અને અંતે સ્થળવાસી પ્રાણીની ઉત્પત્તિ થઈ. ભગવાનના દસ અવતારોમાં ત્રણ અવતાર માનવેતર યોનિમાં થયા છે. જલચરમાં મત્સ્ય સ્વરૂપે ચિદ્‌ધનશકિત અવતરિત થઈ. મત્સ્યાવવાતાર/ મત્સ્યયુગ/ જલસ્થળ પ્રાણીઓમાં ભગવાનનું અવતરણ એટલે કૂર્માવતાર, ઉત્ક્રાંતિવાદનો ત્રીજો તબકકો એટલે સ્થળચર પ્રાણી સસ્તન પ્રાણી. શાસ્ત્રોમાં લેમ્યુરિયા દ્વીપનો ઉલ્લેખ જોવા મળે છે. આ દ્વીપ ઉપર સસ્તન પ્રાણી પહેલા ઉત્પન્ન થયા. તેનો પહેલો અંશ તે વરાહ. આ પ્રમાણે જલવાસી પ્રાણીઓમાં મુખ્ય મત્સ્ય, જલસ્થળવાસી પ્રાણીઓમાં મુખ્ય કૂર્મ, સ્થળવાસી સસ્તન પ્રાણીઓમાં અવતાર એટલે વરાહ. આ વાત થઈ ઉત્ક્રાંતિવાદની/ ઉત્ક્રાંતિ શાસ્ત્રની.

પૌરાણિક કથા મુજબ ડુબતી પૃથ્વીને બહાર કાઢવા ભગવાન વરાહ સ્વરૂપે આવ્યા અને દાંત પર પૃથ્વીને સુરક્ષિત રાખી. પાણીમાં ખલાસ થયેલી સૃષ્ટિમાંથી રહેવા લાયક સૃષ્ટિ ઉભી કરી. સંસ્કૃતિને ટકાવવા શાશ્વતજીવિકા જોઈએ. શાશ્વતજીવિકા માટે વનસ્પત્યાહાર જોઈએ. વરાહ અવતારે આ કાર્ય કર્યુ છે. ખેતીલાયક જમીન નિર્માણ કરનાર એટલે વરાહ અવતાર ભગવાનના અવતારોએ સમગ્ર જીવ સૃષ્ટિ માટે કાર્ય કર્યુ છે.

वरान आहंति इति वराहः વરાન્ એટલે શ્રેષ્ઠ. શ્રેષ્ઠને હણવાવાળો- મારવાવાળો તે વરાહ. તે વખતના જડવાદી સમાજમાં હિરણાક્ષ શ્રેષ્ઠ લાગતો હતો, શૂર લાગતો હતો. હિરણાક્ષ એટલે જેની આંખોમાં ફકત સોનુ જ દેખાય, તેને મારીને સંસ્કૃતિનું પુનઃ સ્થાપન કર્યુ. વરાહ અવતાર અને કૃષિનો સીધો સબંધ જાણ્યો. આપણે રહયા કૃષિકાર એટલે વરાહ અવતાર અને માર્કંડેય પુરાણ (દેવી મહાત્મ્ય) અનુસાર ભગવાન વરાહે વારાહી શકિતનું સર્જન કર્યુ. મા વારાહી સાથે આ રીતે કૃષકસમાજનો નાતો રહયો છે.

વારાહી, ભગવાન દ્વારા ઉત્પન્ન એક વિશિષ્ટ દેવી છે. વરાહ પુરાણમાં અંધકાસુરની કથા આલેખી છે. ઈર્ષાને લીધે જે અંધ થયો છે તે અંધકાસુર. બ્રહ્માજીના વરદાનથી ઉન્મત્ત બનેલા અંધકાસુરનો ભગવાન વરાહે વરાહી શકિતનું સર્જન કરી અંધકાસુરનો નાશ કર્યો છે. વારાહી અસુયા સ્વરૂપમાંથી પ્રગટયા હોવાથી ઈર્ષાને વશ થયેલા અસુરને હણ્યો છે. માતાજીનું અસુયા સ્વરૂપ લક્ષ્મી સ્વરૂપે અને ઉગ્ર સ્વરૂપે વારાહી તરીકે વિખ્યાત થયા.

વૈદિકોએ ભગવાનના બન્ને સ્વરૂપ સગુણ, સાકાર અને નિર્ગુણ નિરાકારને આત્મસાત કર્યા છે. બન્ને સ્વરૂપે ચિદ્‌ધનશકિતની પુજા થતી રહી છે. ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહ્યુ છે કે ............

क्लेशोडधिकतरस्तेषामव्यकतासकत चेतसाम ।

अव्यक्ता हि गति दुःख़ं देहवद्भिरवाप्यते ॥

(અધ્યાય ૧૨/૫- શ્રીમદ્ ભગવદ્‌ગીતા)

નિરાકાર બ્રહ્મમાં ચિત્ત એકાગ્રતા વિશેષ પરિશ્રમ માંગી લે છે. અવ્યકત વિષયક ગતિ દુઃખ પૂર્વક પ્રાપ્ત કરાય છે. કોઈપણ આધાર વિના ચિત્ત સ્થિર કરવું અત્યંત કઠિન છે. મૂર્તિ પૂજાએ વૈદિક ઋષિઓએ માનવને આપેલી અનુપમ ભેટ છે. ચિત્ત શુધ્ધિ, ભૌતિક, સાંસ્કૃતિક,

આધ્યાત્મિક વિકાસ તથા ઈહલોક અને પરલોકનું શ્રેય સાધી શકાય તે માટે સરળ, વ્યવહારૂ, બુદ્ધિગમ્ય અને શાસ્ત્રીય આવશ્યકતા મૂર્તિપૂજાની છે. Murti Puja is a perfect Science. ચિત્ત શુદ્ધિ માટેનું પૂર્ણ શાસ્ત્ર છે. મૂર્તિપૂજા માણસને મોક્ષ સુધી લઈ જાય છે.

સરઢવની ભૂમિ ધન્ય, પાવનકારી અને પવિત્ર છે. સત્યયુગીમાં વારાહીને નમસ્કાર કરી દ્વાપર યુગ પર દ્રષ્ટિપાત કરીએ. આ કાળને ઈતિહાસવિદો " મહાભારત" કાળ તરીકે ઓળખાવે છે. આપણો આ વિસ્તાર તે કાળે ગાઢ જંગલનો વિસ્તાર હતો. પાડોશી ગામ રૂપાલનો ઉલ્લેખ થયેલ છે. પાંડવો વનવાસ કાળમાં આ જગ્યાએ રોકાયા હતા. યુધિષ્ઠિર દ્વારા જેની સ્થાપન વિધિ થયેલી છે તે મા વરદાયિનીને આજે પણ આપંથકના લોકો ઉપરની આકાંક્ષાઓ, અરમાનોની પૂર્તિ અર્થે હ્રદયના ભાવોથી ભજતા- પૂજતા રહ્યા છે. પલ્લી પર મા જયોતિ સ્વરૂપે બિરાજે છે. આ શ્રદ્ધાથી આજે પણ શ્રદ્ધાળુ લોકો ઘી ચઢાવે છે. જાણીને આશ્ચર્ય થશે કે વર્ષઃ ૨૦૦૯ આસો સુદ-૯ પલ્લી ટાણે રૂપિયા બાર કરોડનું ઘી માતાજીને અર્પણ કર્યુ હતું.

પાંડવોને બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે ગુપ્તવાસ કરવાનો હતો. આ વર્ષ દરમ્યાન પકડાઈ જાય તો પુનઃ બાર વર્ષ વનવાસ. ચિંતા, કલેશ, સંતાપ ઊરમાં લઈ મા વરદાયિનીના આર્શિવાદ પામી રૂપાલથી સોનીપુરના રસ્તે સરઢવના સીમાડા પર હાલ જયાં કલેશહરણી માતાની પવિત્ર જગ્યા આવેલી છે તે જગ્યાએ તેમનું આગમન થવાની ઘટનાને ન માનવાનું કોઈ કારણ નથી. ગુપ્તવાસ કયાં કરવો? આ એક મોટી સમસ્યા, સંતાપ, કલેશ તેમના મનમાં હતો. આ જગ્યાએ આદ્યશકિતએ તેમને દર્શન આપી તેમના મનના સંતાપો હરી લીધા. માના સંકેતથી વિરાટનગર (હાલનું ધોળકા) ની વાટ પકડી હશે.

॥ कालः पिबति तद् रसम ॥ અનુસાર બધુજ કાળના પેટમાં દટાઈ ગયું. આ ઘટનાની સાક્ષી પુરતી પવિત્ર જગ્યામાં માતા કલેશહારિણી - કલેશહરણી - કરેહર બિરાજમાન છે.

ગાયત્રીના પરમ ઉપાસક બ્રહ્મલીન સંત શ્રી શાન્તવનજીની સ્મૃતિમાં સરઢવ ગાયત્રી પરિવાર નિર્મિત शांतनवन तपोवनम આ ભૂમિની પવિત્રતામાં વૃદ્ધિ કરે છે. મા વરદાયિની, મા કલેશહારિણીનું અનુસંધાન સાચેજ દિલને શાંતિ અર્પે છે. મા ગાયત્રીની પૂજા સાધકગણ કરતો રહ્યો છે.

॥ जननी जन्मभूमि स्च स्वर्गादपि गरियसी ॥

સરઢવ, પંથકનું પ્રગતિશીલ ગામ. પ્રજા સરળ અને ધર્મ પરાયણ, ગામની ચોમેર દેવ-દેવીઓના મંદિર. ગામની મધ્યમાં પણ તેમનું અનોખુ સ્થાન. ગામ વચાળે ઊંચી જગ્યા ઉપર મુખેશ્વર મહાદેવનું અનોખુ મંદિર આવેલુ છે. મહાદેવના લિંગની વિશેષતા એ છે કે અહી સગુણ સાકાર અને નિર્ગુણ નિરાકાર બેય સ્વરૂપ એકજ લિંગમાં સમાવિષ્ટ છે. ઈશ્વરનું શિવ સ્વરૂપે પૂજન મુખેશ્વર મહાદેવ. રણછોડરાયનું મંદિર, જૈન મંદિર, બળિયાદેવ, રામજી મંદિર, વૈષ્ણવ મંદિર, સ્વામીનારાણ મંદિર, ગોગાબાપાનું મંદિર, અંબાજી મંદિર, સધી માતા, ચામુંડા માતા, રામદેવપીર, બાપા સીતારામ, જોગણી માતા, હડકવાઈ માતા અનેક દેવ દેવીઓથી રક્ષાએલુ ગામ એટલે સરઢવ ગામ. એકતા, સંપ, પ્રેમ અને ભાવનાના બીજ આ ભૂમિમાં વડવાઓએ રોપેલા તે સમયાંતરે ફુલીફાલી રહ્યા છે.

સમય કોઈની રાહ જોતો નથી. સંવત ૧૯૯૦ પહેલાની વાત. ગામના ગોંદરે ગામ કુવો. બાજુમાં તળાવમાં વાવના અવશેષ. વાવનું પાણી પીએ તેને શુરાતન ચઢે આવી લોકવાયકા. વાવ પુરી દેવામાં આવી. પીવાલાયક પાણી નહિ હોય! કુવો- વાવના ખોદકામ દરમ્યાન મળેલ હશે એમ માનીને વાત કરીએ તો કુવાની સામે પૂર્વ દિશામાં હાલના વારાહી મંદિરના સ્થાનકની બાજુમાં એક વટવૃક્ષની નીચેના ભાગમાં અપૂજ અવસ્થામાં એક મૂર્તિએ પોતાનું સ્થાન લઈ લીધુ હતું. મૂર્તિ પ્રાપ્તિનો ચોકકસ ઈતિહાસ ન મળતા વધુ લખતા નથી. મૂર્તિ પથ્થરની, રચના આકાર જોતાં ખૂબજ પુરાણી, કલા કારીગરીયુકત મોટા-ઉંચા, વજનદાર પથ્થર પર કંડારાયેલી મૂર્તિ હતી. કયા દેવ કે દેવીની એ મૂર્તિ હતી તેનું અનુમાન જ કરવું રહયું. ભારતીય સંસ્કૃતિમાં અનેક દેવ દેવીઓની પુજા થતી. મૂર્તિના મથાળાનો ભાગ સપાટ. ગામના બાળકો મૂર્તિના માથા પર પતંગ મૂકી થોરના દૂધથી ફાટેલી પતંગ ચીપકાવતા. વર્ષો પસાર થઈ ગયા. ગામના સદગૃહસ્થ ધર્મ પ્રેમીની નજરમાં આ મૂર્તિ વસી ગઈ. એકજ મૂર્તિમાં કલાકારને કલા, શિલ્પીને અદભૂત શિલ્પ, બાળકને રમકડું, સોનીને અલંકાર, લુંટારાને સોનું,ભકતને ભગવાન દેખાય. મૂર્તિની રચના કરતાં ભાવનું મહત્ત્વ વિશેષ છે.

न देवो दिद्यते काष्ठे न पाषाणे न मृण्मते ।

भावे हि विद्यते देवो तस्मात भावो हि कारणम ॥

દેવ લાકડાની પથ્થરની કે માટીની મૂર્તિમાં નથી. તેમાં પ્રાણ પ્રતિષ્ઠા થાય અને ભાવ નિર્માણ થાય, ભાવમાં દેવ દેખાય. ભાવનું શ્રધ્ધાનું મહત્ત્વ વિશેષ છે.

મૂર્તિની દૈવી વાણી આ આધ્યાત્મિક પુરૂષના કાને પડી. અપૂજ દેવ કે દેવી અને તે સરઢવ ગામના ગોંદરે! મંથન ચાલ્યુ. વિદ્યાપ્રેમી જીવ બે ચાર જણને હૃદયની વાત કરી. આપણે આ મૂર્તિને પ્રસ્થાપિત કરી તેના માટે નાનકડું મંદિર બનાવીએ તો! ગામમાં બધાના ઘર હોય અને માતાજીનું નહિ! ચર્ચામાં સુર પુરાવ્યો ગામના વિચારવંત વ્યકિતઓએ. એક સોનેરી પ્રભાતે આ પાષાણની મૂર્તિને ભાવપૂર્વક હાલની જગ્યાએ એક નાનકડું દેવાલય બનાવી સ્થાપન કર્યુ. સંવત ૧૯૯૦ મંદિરનું નિર્માણ કાર્ય સૌના સાથ સહકારથી પાર પાડયું. આ વ્યકિત સરઢવ ગામના વતની, વ્યવસાયે શિક્ષક. નિવૃત્તિ બાદ સરઢવ ગ્રામ પંચાયતના સુકાની (સરપંચ) તરીકે સેવાઓ આપનાર શ્રી પુંજાભાઈ ખોડીદાસ માધવદાસ પટેલ . માતાજીના નવરાત્રિ મહોત્સવ પ્રસંગે માતાજીની ગરબી માંડવડી જે ચોકમાં મુકવામાં આવે છે તેના દાતા શ્રી આત્મારામભાઈ પોતે પુંજાભાઈ ખોડીદાસના પનોતા પુત્ર આ યોગાનુયોગ પાછળ દૈવી શકિતનો કોઈ સંકેત પણ હોય! વડલાવાળી મા વારાહી માતા સ્વરૂપે પૂજનનો સ્વીકાર થયો. શ્રેષ્ઠત્વનો સ્વીકાર. વારાહી મા હોય એટલે વડલો હોય જ. વારાહીને કેટલાંક લોકો વડલાવાળી મા તથા ટોડાવાળી મા તરીકે પૂજે છે. હાલમાં માતાજીના ચોકમાં જેનું સ્થાન છે તે વડલો રોપવાનું ઉછેરવાનું કાર્ય કર્યુ ઝવેરભાઈએ. વ્યવસાયે શિક્ષક તરીકે સેવા આપતા હતા. ગામના ગોંદરે એક કુદરત પ્રેમીની સ્મૃતિ અંકિત થઈ. નૂતન મંદિરના નિર્માણ સમયે ઓટલા સહિત વડલો મંદિરના સ્થાનમાં શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

ભાવનાના તોરણબંધાયા, શ્રધ્ધાનો દીપ પ્રજજવલિત થયો, સ્નેહનાં વારિ સિંચાણા, પ્રેમનો પમરાટ પ્રસરવા લાગ્યો. મા વારાહી અમારી ગામની ગામઠી ભાષા સરઢવ જનોના હૈયાની ભાષામાં કહીએ તો “વેંરઈમા” સરઢવજનોની શ્રધ્ધા અને વિશ્વાસનું કેન્દ્ર બન્યું. પૂજા આરતીની શરૂઆત થઈ. વાર તહેવાર માના ચોકમાં શ્રીફળ વધેરાય, પ્રસાદ વહેંચાય, હોમ

હવન થાય. દિવાળીના તહેવારમાં માના મંડપમાં ગામની બહેનોના માથે શોભતો માટીનો ગરબો રૂમઝુમ કરતો આવે. દિવાળીની અમાસની રાત્રિના અંધકારને ભેદતો આપણા અજ્ઞાનરૂપી અંધકારને ઉલેચતો એ ગરબો એક સાથે સમુહમાં માના મંડપમાં આવે. માતા/બહેનોના માથેથી યુવાનો આ માટીનો ગરબો ઉતરાવે. બહેનો માના ઓવારણાં લઈ પોતાના પરિવારની કુશળતા મા પાસે માંગે, પાલવ પાથરે, આંખમાં પ્રેમાશ્રુના તોરણ બંધાય અને હ્રદયમાં ભાવભકિત. દ્રશ્ય જેણે જોયું હોય તેનેજ પ્રસંગની ભવ્યતા- દિવ્યતાની ઝાંખી થાય. પૂજારી તરીકે સેવાઓ આપી મુખેશ્વર મહાદેવના પૂજારી શ્રી શ્રવણગીરીજીએ પૂજાની પરંપરા નિભાવવામાં આવી. જશુ મહારાજ દ્વારા પરંપરા ચાલતી રહી. દિવાળીનો બીજો દિવસ- નૂતન વર્ષ - માના ફૂલોના ગરબા સવારે માતાના ચોકમાં ગવાય. માથે લઈ ગરબે ઘુમતી માતૃશકિતના દર્શનની ભવ્યતા સમસ્ત ગામ માતાજીના ચોકમાં, માના ચરણોમાં મસ્તક નમાવે. નૂતન વર્ષની શુભાશિષ માંગે. બાળકો ફટાકડા ફોડી આનંદ વ્યકત કરે. નાત જાત, ઉંચ નીચ, ગરીબ- તવંગર, અભણ - ભણેલા બધીજ ભેદની દિવાલો ધરાશાયી થાય, પ્રેમથી ભેટે, જયશ્રી કૃષ્ણ- નૂતન વર્ષાભિનંદન બોલે. એક દિવ્ય, ભવ્ય અને અલૌકિક દ્રશ્ય માતા આ જોઈ હરખાય, મલકાય. ગામની યુવાશકિતએ પૂર્વજોએ વારસામાં આપેલ પરંપરાને નિભાવી એટલું જ નહિ, એક ડગ આગળ ભર્યુ. વર્ષો સુધી માના ચોકમાં ત્રણ ફૂલોના ગરબા નિશ્ચિત સ્થાન પર ગવાતા. ત્રણ જગ્યાને બદલે ત્રણે ગરબા એકત્ર કર્યા. સમસ્ત ગામના ઐક્યની પ્રતિતી કરાવી. એકજ કુંડાળામાં ત્રણે ગરબા- દિપાવલી એટલે મહાલક્ષ્મી, મકાહાળી અને મહા સરસ્વતી ત્રણેયની પૂજા એક જ સ્થાને. ધન્ય છે એ યુવા શકિતને.......... બાળકો ફટાકડા ફોડે - યુવાનો- વડિલો- એકબીજાને ભેટે. મા વારાહી અને રણછોડરાય - સદાશીવના ચરણોમાં નતમસ્તક થાય. વિરલ દ્રશ્ય ગામ બહાર વસતા સરઢવવાસીઓ પણ મિલનમાં જોડાય. આનંદ થાય.

ગામની ધરતીનું ખમીરજ જુદા પ્રકારનું છે. આ માટીમાંથી પેદા થયેલ વ્યકિતનું અનોખુ વ્યકિતત્વ, એની આગવી ઓળખ, તેની ઓળખ તેના કાર્યથી થાય. ગામના યુવાનો એકત્ર થયા. મંડળની રચના થઈ. સુકાની સોંપડયા. વાડીભાઈ માધવદાસ પ્રાણદાસ પટેલ. વડીલોનું માર્ગદર્શન,સમર્થન, સહકાર સોંપડયો. વિકાસ થતો ગયો. નાના-મોટા કામ ઉકેલાતા ગયા. માનવી જીવનમાં તેર રાત્રિઓ કામના- અરમાનોની પૂર્તિ અર્થે મહત્ત્વની ગણવામાં આવી છે. આસો માસની નવરાત્રિ( સુદ- ૧ થી ૯), શિવરાત્રિ (મહાવદી -૧૩), દારૂણરાત્રિ (ફાગણ સુદ-૧૫ હોલિકા), મોહરાત્રિ (શ્રાવણ વદ -૮ જન્માષ્ટમી), કાળરાત્રિ (આસો વદ- ૧૪ કાળી ચૌદસ) આ રાત્રિઓમાં જાગરણ, મંત્ર, જાપ, પૂજન, અર્ચન અને ભકિતનો વેદોકત- પુરાણોકત મહિમા અવર્ણનીય છે.

વારાહી માતા અને નવરાત્રિ મહોત્સવના સુભગ સમન્વય થયો. વર્ષ-૧૯૭૫માં નવરાત્રિ ઉત્સવની શરૂઆત થઈ. ગામના ઉત્સાહી યુવાન રસિકભાઈ છગનદાસ પટેલ (હાલ યુ.એસ.એ.) અને ડોકટર રમણભાઈ એસ. પટેલે સુરમાં સુર રેલાવ્યો. બચુભાઈ સોમભાઈ પ્રહલાદદાસ પટેલના અધ્યક્ષપણા હેઠળ વારાહી પ્રગતિ મંડળની સ્થાપના થઈ. વર્ષ:૧૯૭૫ નવરાત્રિ મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર બની રહયો. આ ઘટના ક્રમના સાક્ષી બનીને મીઠા સંસ્મરણોને વાગોળતા રણછોડરાય મંદિર, વારાહી મંદિરના વિકાસમાં યથા શકિત ભાવભકિત, કૃતિભકિત દ્વારા પોતાની શકિત ભગવાનના, માતાજીના ચરણોમાં ધરતા રહેલા,

જૈફ વયે પહોંચેલા એ વડીલગણને કેમ ભૂલાય! એ સૌ નામી- અનામીને નમસ્કાર કરવા જ રહ્યા.

કાળને પણ બદલવાની શકિત યુવાનમાં છે. યુવાનને દિશા સાંપડે તો પૃથ્વી પર સ્વર્ગ ઉભુ કરી શકે અને જો યુવાન ધ્યેય શૂન્ય, દિશા શૂન્ય બને તે સ્વર્ગને નર્કાગારમાં ફેરવી નાંખે.

વારાહી પ્રગતિ મંડળના નેજા નીચે યુવાનો એકત્ર થયા. આબાલ વૃધ્ધનો સાથ સહકાર મળ્યો. બચુભાઈ લલ્લુદાસ પટેલ જેવા ગતિશીલ સુકાની મંડળને સોંપડયા. નવરાત્રિ મહોત્સવ સ્વરૂપે શકિતપૂજા- માનું પૂજન અર્ચન શરૂ થયુ. સરઢવ ગામના સૌ માતૃપ્રેમી ભકતજનો નવે નવ દિવસ માના ગુણલા ગાય. માના પુજન અર્ચનની જવાબદારી, નિભાવી શ્રી હીરાલાલ ઠાકર, પ્રોફેસર અમૃતભાઈ ઠાકર અને શ્રી બચુભાઈ પંડ્યાજીએ. (ઈશ્વરભાઈ) માની કૃપાથી સરઢવ ગામમાં સુખ સમૃધ્ધિ વધવા લાગી. ગામના જુના રહેણાંકના મકાનો નવા કલેવર ધારણ કરવા લાગ્યાં. ગામના દેવ દેવસ્થાનોમાં હોડ લાગી હોય તેમ એક પછી એક નવા રંગરૂપ આકારથી સજ્જ થવા લાગ્યાં. મા વારાહીનાં બાળુડાં માનું ભવ્ય મંદિર નિર્માણ કરવાના અરમાનો સેવવા લાગ્યાં. વારાહી પ્રગતિ મંડળના યુવા સેક્રેટરી મુકેશ ગોવિંદભાઈ પટેલના નેતૃત્વમાં યુવાનોની આખી ફોજ તૈયાર થઈ. બચુભાઈનું માર્ગદર્શન સોંપડયું. નવીન મંદિરના નિર્માણ કાર્યનો શુભારંભ થયો. આરસથી મઢેલું ભવ્ય મંદિર, પૂજારીનું નિવાસ્થાન, વિશાળ ચોક, વડલો અને બાજુમાં નાથીબા વિશ્રામ ગૃહ જગ્યા ધ્યાનાકર્ષક બની. નવરાત્રિ મહોત્સવનું કલેવર યુવાનોએ બદલી નાખ્યું. શરૂઆતમાં અમેરિકા અને હવે ઓસ્ટ્રેલિયાથી યુવા શકિતએ માના ચરણોમાં પોતાના પરસેવાની કમાણી ધરી. રોજ રાત્રે જાણીતા માનીતા યુવા કલાકારો માના ગુણલા ગાવા આવવા લાગ્યાં. ગામના ગામની બહાર વસતા અને આજુબાજુના ગામોના યુવા રસિકજનો માના ગરબા જોવા સાંભળવા ગાવામાં ગૌરવની લાગણી અનુભવતા જોવા મળ્યા. અષ્ટમી દુર્ગાષ્ટમી તો સરઢવની સરઢવ પૂર્વ અને સરઢવ પશ્ચિમ બન્ને જગ્યાએ મા વ્યાપી ગયા. જન જનના હૈયા ઝંકૃત થયા. સરઢવના યુવાનો નરનારીઓ ઉત્સવમાં ભાગ લઈ ધન્ય બને. પરદેશ રહેતા અમારા યુવાનો વડીલોનું શું? બન્ને ભાગોળમાં સ્વર્ગ પૃથ્વી પર ઉતર્યુ હોય સ્વર્ગના દેવી દેવતાઓ મૃત્યુ લોકમાં સરઢવમાં ગરબે ગાવા આવતા હોય તેવા દ્રશ્યો લાગે. વેબસાઈટ દ્વારા દુનિયાના દેશોમાં વસતા સરઢવવાસીઓ, સ્નેહીજનો, મિત્રો, શુભેચ્છકોએ મન ભરીને નવરાત્રિ માણી. વર્ષ-૨૦૦૯. આટલો મોટો મહોત્સવ, શાંત, સાત્વિક ભાવો સભર નર નારીઓ, યુવાશકિત, વડીલોનું સાનિધ્ય સામિપ્ય સાંપડે. કામ કઈ રીતે થાય છે તે જ ખબર ન પડે. પુરા ત્રીસ દિવસ કામ ચાલે. સ્વચ્છતા, સુઘડતા, સૌમ્યતા, પ્રસરી રહે. ધૂળનું રજકણ પણ ન ઉડે. અષ્ટમીએ સરઢવ (પશ્ચિમ) સવારના સાત વાગ્યા સુધી ગરબા ચાલે. વિસર્જનમાં યુવાનો, બહેનો બધા ભાગ લે. મહાપ્રસાદ વિતરણમાં ટ્રોલી તથા લોડીગ રીક્ષાનો ઉપયોગ થાય.

હા..... નવરાત્રિ મહોત્સવમાં આપણે ખોવાઈ ગયા. માતાજીના નૂતન મંદિરના નિર્માણ કાર્યની સાથોસાથ મંદિરમાં માની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવાના આયોજનમાં સૌ લાગી ગયા. અગાઉની મૂર્તિની જગ્યાએ શાસ્ત્રોકત પ્રમાણ મુજબ મા વારાહીની મૂર્તિનું સંશોધન કાર્ય શરૂ થયું. શાસ્ત્રોનો આધાર, મૂર્તિ- શીલ્પકલાના જાણકાર તજજ્ઞોના અનુભવ, અન્યત્ર સ્થળોની રૂબરૂ મુલાકાત. દોર ચાલતો રહયો. ગામના અનુભવી વ્યકિતઓએ અવિરત પ્રયત્નો આદર્યા. જયપુર, અંબાજી, વિવિધ જગ્યાઓ જયાં આરસની મૂર્તિઓનું ઘડતર કાર્ય થાય છે, ત્યાં રૂબરૂ ગયા. આખરે સંશોધન પૂર્ણ થયું. વરાહપુરાણ - માર્કંડેયપુરાણ -

દેવીમાહાત્મ્યના આધારો લઈ વારાહી સ્વરૂપની શાસ્ત્રોકત માહિતી મેળવી તેમા જણાવ્યા પ્રમાણે વારાહી સ્વરૂપનું આબેહુબ વર્ણન નીચેના શ્લોકમાં કરમાં આવ્યું છે.

वाराही धुम्रवर्णामा वराह वदनां शुभाम॥
ख़ेट ख़डग मुशलं हलं वेद भुजे धृतात ॥
कृष्णा वर्णातु वाराही महिषस्था महोदरी
वरदा दण्डिनी  डगं बिभ्रती दक्षिणे करे ।
ख़ेट पात्राभयान सूकरास्या लसद भुजा ॥

ધુમ્રવર્ણ, વરાહનું વદન, શુભમ, ઢાલ, તલવાર, મુશળ અને હળને પોતાના હાથમાં ધારણ કર્યા છે. શ્યામવર્ણ, વરાહમુખી, પાડાપર સવાર થયેલી, મોટા પેટવાળી, જમણા હાથમાં વરમુદ્રા, દંડ, ખડગધારીણી, ડાબા હાથમાં ઢાલ, પાત્ર, અભયમુદ્રાવાળી, શુકરમુખી, સદ્‌ભુજાઓ યુકત મા વારાહીનું વર્ણન શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે. આજ સ્વરૂપને ધ્યાને લઈ સરઢવમાં મંદિર નિર્મિતી બાદ સંવત ૨૦૪૯ વૈશાખ વદ- ૫,૬,૭ સોમવાર, મંગળવાર, બુધવાર તા.૧૦-૧૧-૧૨ મે ૧૯૯૩ ત્રણ દિવસનો વારાહી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દબદબા પૂર્વક, ભકિતભાવથી ઉજવાયો. સમગ્ર ગામ એકરૂપ બન્યું. ગામ ધન્ય બન્યું. આજેપણ સરઢવની બહાર વસતા નરનારી તથા શ્રધ્ધાળુજનો એકાદશી, પૂનમ ભરવા વાર તહેવારે સરઢવ આવી માના ચરણોમાં માથુ ઝુકાવી ધન્ય બને છે. દૈનિક થાળ, રાજભોગ, પ્રસાદ, આરતી, અખંડ દીપ, ફૂલોની માળાની સુગંધથી મંદિર મહેંકી ઉઠે છે.

હા... પ્રશ્ન એ થશે કે જેની વારાહી સ્વરૂપે વર્ષો સુધી ગ્રામજનોએ પૂજા કરી એ પથ્થરની વિશાળ મૂર્તિ કયાં? ભગવાનના હજાર નામ અને વિવિધ રૂપોની પુજા કરવાવાળો આર્ય સમાજ, વિશાળ સમજ ધરાવનારો છે. તેમણે અનાર્યોની પૂજા પધ્ધતિઓને પણ પોતાનામાં આત્મસાત કરી, સમગ્ર ભારત વર્ષને આવરી લીધું. વિવિધ પૂજા પધ્ધતિઓ ચાલુ રહી. બચુભાઈના માર્ગદર્શનનો સ્વીકાર થયો. બે મૂર્તિ એક સાથે એક જ નીજ મંદિરમાં હોય તો શ્રધ્ધા-વિશ્વાસ- ભકિતભાવમાં ચિત્ત એકાગ્રતામાં અવરોધ થાય. દ્વંદ નિર્માણ થાય. ઐકય ભંગ થાય. આ બાબતોને લક્ષમાં લઈ ચુનંદા અને આત્મવિશ્વાસ-ભકિતભાવ-ઈશવિશ્વાસથી સભર યુવાનોને લઈ મા નર્મદાના ખોળામાં વિધિવત વિસર્જન કર્યુ. તેજમાં તેજ ભળી ગયું. તત્વમાં તત્વ વિલિન થયું. મા વારાહી આજે સરઢવના પશ્ચિમ દ્વારને સાચવીને બેઠા છે. ગામના તમામ લોકો, ગામની દિકરીઓ જયાં પણ હોય ત્યાં મુશ્કેલીના સમયે માને યાદ કરે છે. સંકલ્પ કરે છે. સંકલ્પપૂર્તિ અર્થે માની પાસે આવે છે. આવતા-જતા, સવાર-સાંજ માને વંદન થાય છે. આ જગ્યાએથી પસાર થતા બહાર જતા આવતા પ્રવાસીઓ વાહનમાં- બસમાં બેઠા બેઠા હ્રદયના ભાવોથી વંદન કરે છે. પોતાના વાહનવાળા વાહન થોભાવી નીચે ઉતરી માના દર્શન કરી કૃતાર્થ થાય છે.

॥ मा वाराही प्रसन्नोस्तु ॥